# // વિદ્યાધનમ્ //

અંક : ૩૬
માર્ચ
૨૦૨૬




**આશિયા પ્રા. શાળામાં પ્રવીણભાઇ સાથે..!!**



પુસ્તક પરબમાં પુસ્તકની ભેટ..!!

INVITED BY

**દિનેશભાઇ ડી. ચૌહાણ**
**શ્રી રૂણી પ્રાથમિક શાળા, ધાનેરા**

PUBLISHED BY:

ddchauhan06 Tr Dinesh Chauhan 97128 24892

# // વિદ્યાધનમ્ //

# અમારી પ્રેરણા

અંક : ૩૬

માર્ચ - ૨૦૨૬

## પ્રેરક

શ્રી જગમાલભાઈ જે. ચૌધરી
ટી. પી. ઈ. ઓ.
તા. : ધાનેરા, જિ. : બનાસકાંઠા

## માર્ગદર્શક

શ્રી વિરાભાઈ કે. ચૌધરી
બી.આર.સી.કો.ઓર્ડીનેટર,
તા. : ધાનેરા, જિ. : બનાસકાંઠા

## તંત્રી / પ્રકાશક

દિનેશભાઈ ડી. ચૌહાણ
તાલુકા શ્રેષ્ઠ શિક્ષક
શ્રી રૂણી પ્રાથમિક શાળા,
તા. : ધાનેરા, જિ. : બનાસકાંઠા

## સમીક્ષક

શ્રી ઈશ્વરભાઈ જે. ચૌધરી
આચાર્ય શ્રી, શ્રી વાલેર પગાર કેન્દ્ર

શ્રી મુકેશભાઈ વી. ચૌધરી
સી.આર.સી. વાલેર

શ્રી જેસુંગભાઈ ડી. ચૌધરી
આચાર્ય શ્રી, શ્રી રૂણી પ્રાથમિક શાળા

શ્રી ગીરીશભાઈ એ. લેઉવા
ઉ. શિ. શ્રી રૂણી પ્રાથમિક શાળા

શંકરભાઈ પી.લુહાર
ઉ શિ., શ્રી વાલેર પગાર કેન્દ્ર

શ્રી સવાભાઈ જુ. પટેલ
ઉ. શિ. શ્રી રૂણી પ્રાથમિક શાળા

શ્રી વિરેન્દ્રભાઈ બી. પ્રજાપતિ
ઉ. શિ. શ્રી રૂણી પ્રાથમિક શાળા

વિદ્યાધનમ્ સર્વધનપ્રધાનમ્

## નમસ્કાર

"પુસ્તકો એ જ્ઞાનનો સ્ત્રોત છે, પણ અનુભવ એ જીવનનું સાચું શિક્ષણ છે."

વસંતના વાયરા સાથે જ્યારે પ્રકૃતિ નવો શણગાર સજી રહી છે, ત્યારે 'વિદ્યાધનમ્' ઈ-મેગેઝિનનો માર્ચ અંક જ્ઞાન, સંવેદના અને પ્રેરણાના અવનવા રંગો લઈને આપની સમક્ષ પ્રસ્તુત છે. આ અંકમાં શિક્ષણ જગતની સિદ્ધિઓથી માંડીને માનવીય લાગણીઓના ઊંડાણ સુધીની સફર ખેડવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

આ અંકમાં શિક્ષણ અને નવીનતા શાળાકીય પ્રવૃત્તિઓમાં ઇનોવેશન અને ક્રિયાત્મક સંશોધન દ્વારા કેવી રીતે ક્રાંતિ લાવી શકાય, તેનું સચોટ માર્ગદર્શન અહીં રજૂ કરવામાં આવ્યું છે. એક એવી વ્યક્તિ વિશેષ, જેમના પર્યાવરણ લક્ષી કાર્યોની સુવાસ આજે અન્ય શિક્ષકોના માધ્યમથી પ્રસરી રહી છે. સાથે જ, એવી શાળા વિશેષની વાત જેની નોંધ ખુદ સરકારે લીધી છે. નારી શક્તિને વંદના આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે સ્ત્રીનું સન્માન અને 'બનાસની કોયલ' જેવી વિશિષ્ટ પ્રતિભાઓનો પરિચય કરાવી નારી શક્તિના સામર્થ્યને ઉજાગર કર્યું છે. પરીક્ષારૂપી ફાઇનલ મેચ માર્ચ મહિનો એટલે પરીક્ષાનો ઉત્સવ. વિદ્યાર્થીઓ માટે 'પરીક્ષારૂપી ફાઇનલ મેચ' લેખ દ્વારા તણાવમુક્ત રહીને સફળતા કેવી રીતે મેળવવી તેની પ્રેરણાદાયી ટિપ્સ આપવામાં આવી છે. હસ્તાક્ષર દ્વારા વ્યક્તિત્વનો પરિચય કરાવતી ગ્રાફોથેરાપી અને આજના દોડધામભર્યા જીવનમાં માનસિક સ્વાસ્થ્યની મનોચિકિત્સા વિશે ગહન ચર્ચા કરવામાં આવી છે.

બાળકો અને મોટેરાંઓ માટે 'રવિનાની રફતાર', 'અડગ મનનો વિજય' જેવી વાર્તાઓ અને 'નિર્દોષતાની બુરખી' જેવો હૃદયસ્પર્શી પ્રેરક પ્રસંગ જીવનના પાઠ શીખવે છે. રાષ્ટ્રભક્તિ અને આત્મદર્શન  પુલવામાના આતંકી હુમલાના શહીદોને અંજલિ આપતા લેખથી માંડીને 'અક્ષરથી આત્મા સુધી'ની આધ્યાત્મિક સફર વાચકોને અંતર્મુખ કરશે.

અમને ખાતરી છે કે જ્ઞાન અને માહિતીથી સભર આ અંક વાચકવર્ગને નવી દ્રષ્ટિ અને ઉર્જા પૂરી પાડશે. ખાસ કરીને પરીક્ષાની તૈયારી કરી રહેલા વિદ્યાર્થીઓ માટે આ અંક એક સાચો મિત્ર અને માર્ગદર્શક સાબિત થશે..!!

**તંત્રી / પ્રકાશક**

દિનેશભાઈ ડી. ચૌહાણ

તાલુકા  શ્રેષ્ઠ શિક્ષક

શ્રી રૂણી પ્રાથમિક શાળા

તા. : ધાનેરા, જિ. : બનાસકાંઠા



અંક : ૩૬ માર્ચ - ૨૦૨૬

## અનુક્રમણિકા


| | | | |
|---|---|---|---|
| 1 | વ્યક્તિ વિશેષ | ડૉ. રાકેશકુમાર પ્રજાપતિ | 05 |
| 2 | શાળા વિશેષ | અમિતકુમાર પટેલ | 07 |
| 3 | આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ | જલ્પાબેન એચ. ગોહિલ | 09 |
| 4 | ગ્રાફોથેરાપી શું છે.? | નૈત્રીબેન ઠક્કર | 10 |
| 5 | સ્ત્રીનું સન્માન | વિનોદભાઈ માનસી | 11 |
| 6 | બનાસની કોયલ | કલ્પેશભાઈ મોદી | 12 |
| 7 | નિર્દોષતાની બુરખી | દીપકકુમાર એમ. વ્યાસ | 13 |
| 8 | પરીક્ષારૂપી ફાઇનલ મેચ | શૈલેષ પરમાર | 14 |
| 9 | અક્ષરથી આત્મા સુધી | ક્રિપાલીબેન એસ. પ્રજાપતિ | 14 |
| 10 | પુલવામાનો આતંકી હુમલો | નરેશકુમાર બી. નાયી | 15 |
| 11 | ક્રિયાત્મક સંશોધન | જ્યોત્સનાબેન એન. પટોળીયા | 16 |
| 12 | ઇનોવેશન | સંદીપકુમાર બી. રામી | 17 |
| 13 | માનસિક સ્વાસ્થની મનોચિકિત્સા | ડૉ. મનીષા એચ. લાખાણી | 18 |
| 14 | રવિનાની રફતાર | સેજલબેન એલ. પુરોહિત | 19 |
| 15 | અડગ મનનો વિજય | એકતાબેન વી. પુરોહિત | 20 |




## ડૉ. રાકેશકુમાર પ્રજાપતિ – આદિજાતિ વિસ્તારમાં શિક્ષણ અને સેવાનો પર્યાય

બનાસકાંઠાના દાંતા તાલુકાની અરવલ્લીની ગિરિમાળાઓમાં જ્યારે કોઈ બાળક આજે કોમ્પ્યુટર પર આંગળીઓ ફેરવે છે કે વિજ્ઞાનના પ્રયોગો કરે છે, ત્યારે તેની પાછળ એક દ્રષ્ટાવંત વ્યક્તિત્વનો પરસેવો અને સંકલ્પ હોય છે. એ વ્યક્તિત્વ એટલે ડૉ. રાકેશકુમાર કે. પ્રજાપતિ.

પરિચય અને પૃષ્ઠભૂમિ : મૂળ મંડાલી (તા. દાંતા) ના વતની અને પાલનપુરમાં સ્થાયી થયેલા ડૉ. રાકેશકુમાર વર્ષ ૨૦૦૦ થી શિક્ષણ જગત સાથે જોડાયેલા છે. પરંતુ, ૩ ઓગસ્ટ ૨૦૧૯ ના રોજ તેમણે લીધેલો એક નિર્ણય તેમના જીવનનો 'ટર્નિંગ પોઈન્ટ' સાબિત થયો. શહેરી વિસ્તારના સુખ-સુવિધાઓ છોડીને, અંતરિયાળ આદિજાતિ વિસ્તારના ગરીબ બાળકોની સેવા કરવાની પ્રબળ ઈચ્છા સાથે તેઓ દાંતા તાલુકાની શાળામાં આચાર્ય તરીકે જોડાયા.

પડકારોને બનાવ્યા તક : શૂન્યમાંથી સર્જન : જ્યારે તેમણે કાર્યભાર સંભાળ્યો ત્યારે શાળામાં હાજરી અલ્પ હતી અને 'ડ્રોપ આઉટ' રેશિયો ચિંતાજનક હતો. ડૉ. પ્રજાપતિએ એસી ચેમ્બરમાં બેસવાને બદલે વાલીઓ સાથે તેમની જ આદિવાસી બોલીમાં સંવાદ સાધ્યો. તેમને સમજાયું કે આર્થિક નબળાઈ અને સુવિધાઓનો અભાવ જ શિક્ષણના માર્ગમાં અવરોધ છે. તેમણે તુરંત જ 'જન-ભાગીદારી' (Public-Private Partnership) નો માર્ગ અપનાવ્યો.

સેવાકીય પ્રવૃત્તિઓનો વ્યાપ :

* સંપૂર્ણ સુવિધા : રેડ ક્રોસ અને ONGC જેવી સંસ્થાઓના સહયોગથી બાળકોને યુનિફોર્મથી લઈને રાશન કીટ સુધીની મદદ પહોંચાડી.

* ડિજિટલ ક્રાંતિ : ૨૦૨૦માં કોમ્પ્યુટર લેબની સ્થાપના કરી, જેનો લાભ આજે માત્ર બાળકો જ નહીં પણ આખું ગામ મેળવે છે.

* વિજ્ઞાનનો ઉજાસ : બનાસકાંઠામાં સર્વપ્રથમ 'વાહ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર' ની સ્થાપના તેમના પ્રયત્નોથી થઈ, જેમાં વિક્રમ સારાભાઈ સાયન્સ સેન્ટરના વૈજ્ઞાનિકો બાળકોને માર્ગદર્શન આપે છે.

પ્રકૃતિ અને પર્યાવરણ પ્રત્યેની નિષ્ઠા : ડૉ. પ્રજાપતિ માને છે કે શિક્ષણ એ માત્ર પુસ્તકો પૂરતું સીમિત નથી. તેમણે ૨૦૨૧ થી 'પ્રકૃતિ વંદન' કાર્યક્રમ શરૂ કર્યો. હજારો વૃક્ષો, પાંજરા અને ચકલીના માળાનું વિતરણ કરીને તેમણે બાળકોમાં 'પર્યાવરણ પ્રેમ' ના બીજ રોપ્યા છે. દર વર્ષે પર્યાવરણ પ્રેમીઓને 'પ્રકૃતિ મિત્ર એવોર્ડ' આપી પ્રોત્સાહિત કરવાનું અનોખું કાર્ય તેઓ કરી રહ્યા છે.

આરોગ્ય અને સામાજિક ઉત્તરદાયિત્વ : માત્ર પોતાની શાળા જ નહીં, પણ આજુબાજુના ૧૫-૨૦ ગામોની પણ તેઓ ચિંતા કરે છે.
* બનાસ મેડિકલ કોલેજના સહયોગથી નિયમિત મેડિકલ કેમ્પનું આયોજન.
* દીકરીઓ માટે સેનેટરી પેડ્સ અને સેલ્ફ ડિફેન્સ તાલીમની વ્યવસ્થા.
* કોરોનાકાળમાં 'હોમ ટુ હોમ' મુલાકાત લઈ શિક્ષણ અને જીવનજરૂરી ચીજવસ્તુઓની સહાય.

વ્યાવસાયિક શિક્ષણ અને ગૌરવશાળી સિદ્ધિઓ : ભવિષ્યમાં બાળકો આત્મનિર્ભર બને તે માટે તેમણે 'બ્યૂટી એન્ડ વેલનેસ' તથા 'હેલ્થ કેર' જેવા વોકેશનલ વિષયો શરૂ કર્યા છે. તેમની આ નિષ્ઠાને કારણે :
1. વર્ષ ૨૦૨૩-૨૪ માં તેમની શાળાને બનાસકાંઠાની 'શ્રેષ્ઠ ગ્રામ્ય શાળા' નો પુરસ્કાર અને ૧ લાખ રૂપિયાનું ઇનામ મળ્યું.
2. વર્ષ ૨૦૨૩માં માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજીના અંબાજી આગમન વખતે તેમની શાળાના બાળકોએ આદિવાસી લોકનૃત્યથી તેમનું સ્વાગત કર્યું હતું.
3. શૈક્ષણિક પરિણામોમાં ક્રાંતિ: ધોરણ ૧૦ માં ૧૦૦% અને ધોરણ ૧૨ માં ૯૮.૭૨% પરિણામ લાવી તેમણે ઈતિહાસ રચ્યો છે.

આમ, ડૉ. રાકેશકુમાર પ્રજાપતિ આજે માત્ર એક આચાર્ય નથી, પણ એક સામાજિક એન્જિનિયર છે જે શિક્ષણ, પર્યાવરણ અને સેવાની ત્રિવેણી સંગમ દ્વારા આદિજાતિ વિસ્તારનો ચહેરો બદલી રહ્યા છે. તેમની યાત્રા દર્શાવે છે કે જો શાસક અને શિક્ષક સંગાથે ચાલે, તો ગમે તેટલો પછાત વિસ્તાર હોય, ત્યાં જ્ઞાનનો સૂરજ ચોક્કસ ઊગે છે.

સંકલ્પ : "છેવાડાના માનવી સુધી ઉત્તમ શિક્ષણ અને મૂલ્યો પહોંચાડવાનો આ સેવા યજ્ઞ અવિરત ચાલુ રહેશે."

**જે આપણને વિચારતા શીખવે છે, તે જ સાચો શિક્ષક છે.**

## શાળા વિશેષ..!!




અમિતકુમાર શંકરલાલ પટેલ શ્રી આશિયા પ્રાથમિક શાળા, તા. : ધાનેરા, જિ. : બનાસકાંઠા

# વિનાશના વમળમાંથી વિકાસના શિખર સુધીની પ્રેરક યાત્રા..!!

"કામ કરતો જા, હાક મારતો જા, મદદ તૈયાર છે" – આ ઉક્તિને જો અક્ષરશઃ ચરિતાર્થ કરતી કોઈ સંસ્થા હોય, તો તે બનાસકાંઠા જિલ્લાના ધાનેરા તાલુકાની આશિયા પ્રાથમિક શાળા છે. 15 ડિસેમ્બર 1958ના રોજ રોપાયેલું આ શૈક્ષણિક બીજ આજે એક વટવૃક્ષ બનીને અનેક બાળકોના ભવિષ્યને છાયડો આપી રહ્યું છે.

૧. કુદરતની કસોટી અને મક્કમ નિર્ધાર વર્ષ 2015નો જુલાઈ મહિનો આશિયા શાળા માટે કસોટીનો કાળ બનીને આવ્યો હતો. રેલ નદીના ભયાનક પૂરમાં સમગ્ર શાળા 4-5 ફૂટ પાણીમાં ગરકાવ થઈ ગઈ. વર્ષોની મહેનતથી ઉભી કરેલી કોમ્પ્યુટર લેબ, સંગીત અને રમત-ગમતની સામગ્રી તેમજ તમામ શૈક્ષણિક સાધનો પળવારમાં નાશ પામ્યા. પરંતુ, આશિયા શાળાનો સ્ટાફ અને ગ્રામજનો હાર માને તેવા નહોતા. 'વિનાશમાંથી સર્જન'નો સંકલ્પ કરી આચાર્યશ્રી અને સ્ટાફ મિત્રોએ રાત-દિવસ એક કરી શાળાને ફરી ધમધમતી કરી.

૨. વિકાસનું નવું કલેવર: નયનરમ્ય કેમ્પસ આજે આશિયા શાળા કોઈ ખાનગી શાળાને ટક્કર આપે તેવી સુવિધાઓથી સજ્જ છે. શાળા પરિવારે લોકભાગીદારી અને સરકારી સહયોગથી ભગીરથ પ્રયત્નો કરી શાળાનું કાયાપલટ કર્યું છે.

* હરિયાળું કેમ્પસ : સુંદર બાગ-બગીચા, વૃક્ષારોપણ અને આકર્ષક ફુવારા.

* આધુનિક સુવિધા : પ્રાર્થના શેડ, પેવર બ્લોકથી સજ્જ મેદાન, શૌચાલયો અને સ્માર્ટ ક્લાસરૂમ.

* શિસ્ત અને સુઘડતા : કમ્પાઉન્ડ વૉલ અને વ્યવસ્થિત મધ્યાહન ભોજન રૂમ.

**અક્ષર દેનાર જ આકાર દે છે.**

૩. ઉદારતાના પર્યાય: ચેતનભાઈ મહેતા પરિવારનું યોગદાન : આશિયા શાળાની વિકાસગાથા જૈન શ્રેષ્ઠી શ્રીમાન ચેતનભાઇ મુક્તિલાલ મહેતા અને તેમના ધર્મપત્ની શ્રીમતિ સંગિનીબેન મહેતાના ઉલ્લેખ વગર અધૂરી છે. આ પરિવારે આશિયાના 500થી વધુ બાળકોને પોતાના સંતાનો સમજી અવિરત પ્રેમ વરસાવ્યો છે

* સંપૂર્ણ શૈક્ષણિક કીટ : દર વર્ષે ગણવેશ (બે જોડી), બૂટ-મોજા, બેગ, બેલ્ટ અને સ્ટેશનરીનું વિતરણ.

* હૂંફ અને પ્રેમ : ઠંડીથી રક્ષણ માટે સ્વેટર અને વર્ષમાં 4-5 વખત બાળકો માટે 'પ્રીતિ ભોજન'.

* વારસો : સ્વ. મુક્તિલાલ મહેતા સાહેબે વાવેલા સેવાના બીજને તેમના પુત્ર ચેતનભાઇએ બખૂબી રીતે આગળ ધપાવ્યા છે. પૂજ્ય દાદા જ્યારે પણ આવતા ત્યારે નાસ્તો અને બિસ્કીટ દ્વારા બાળકોમાં જે વત્સલતા વહેંચતા, તેની સ્મૃતિઓ આજે પણ જીવંત છે.

૪. સિદ્ધિઓના આભલા: શૈક્ષણિક ઉત્કૃષ્ટતા માત્ર ભૌતિક સુવિધાઓ જ નહીં, પણ શૈક્ષણિક પરિણામોમાં પણ આશિયા શાળા મોખરે છે :

* સ્પર્ધાત્મક પરીક્ષાઓ : નવોદય, NMMS, PSE, CET જેવી પરીક્ષાઓમાં બાળકોનો ઉત્કૃષ્ટ દેખાવ.

* ગુણોત્સવ રેટિંગ : વર્ષ 2023-24માં ગ્રીન સ્ટાર અને વર્ષ 2025-26માં ફાઈવ સ્ટાર રેટિંગ પ્રાપ્ત કરી શાળાએ પોતાની ગુણવત્તા સાબિત કરી છે.

* તાલુકા કક્ષાએ પ્રથમ : 'સક્ષમ શાળા' કાર્યક્રમ અંતર્ગત તાલુકા કક્ષાએ પ્રથમ ક્રમ મેળવી જિલ્લા વિકાસ અધિકારીના હસ્તે રૂ. 11,000/- ના રોકડ પુરસ્કાર અને શિલ્ડથી સન્માનિત થઈ છે.

આશિયા પ્રાથમિક શાળા એ માત્ર એક મકાન નથી, પણ આચાર્યશ્રીની દીર્ઘદ્રષ્ટિ, સ્ટાફની નિષ્ઠા, દાતાશ્રીઓની ઉદારતા અને ગ્રામજનોના સહયોગનું સંગમતીર્થ છે. ધાનેરા તાલુકાની અન્ય શાળાઓ માટે પ્રેરણારૂપ બનેલી આ સંસ્થા સતત નવી ઊંચાઈઓ સર કરતી રહે તેવી મંગલ કામના.

# આંતરરાષ્ટ્રીય મહિલાદિવસ

દેવતુલ્ય ભાઈઓ અને શક્તિ સ્વરૂપા બહેનો..

આજે આપની સમક્ષ સ્ત્રી- જે વિશ્વ પ્રગતિનો અનુપમ ઉપહાર છે એ વિશે થોડા વિચારો રજૂ કરીશ.

સ્ત્રી એટલે માતૃશક્તિ,સ્ત્રી એટલે સૃષ્ટિસર્જકનું આદિ સર્જન.ગીતામાં ભગવાન કૃષ્ણે કહ્યું છે કે પૌરુષ અને પ્રકૃતિના સાયુજ્યથી રચાય છે આ ચરાચર સૃષ્ટિ .માટે જ સર્જન,સંવર્ધન,સર્વોતોમુખી પ્રગતિ અને સમાપન માટે બન્ને પક્ષ એકબીજાના પૂરક અને પોષક છે..

વેદકાલીન સંસ્કૃતિમાં સ્ત્રી અને પુરુષ ,નરનારી સમાન દરજ્જો ભોગવતા હતા.ઉમા-મહેશ, સીતા-રામ,રાધા-શ્યામ જેવા જોડાઓમાં માતા પ્રથમ છે.

*આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ (International Women's Day) દર વર્ષે 8 માર્ચ ના રોજ સમગ્ર વિશ્વમાં મનાવવામાં આવે છે. આ દિવસ મહિલાઓની સામાજિક, આર્થિક, સાંસ્કૃતિક અને રાજકીય સિદ્ધિઓની ઉજવણી કરવાનો અને લિંગ સમાનતા (Gender Equality) માટે જાગૃતિ લાવવાનો દિવસ છે.

અહીં આ દિવસ વિશેની મહત્વની વિગતો છે :

1. ઈતિહાસ અને શરૂઆત

આ દિવસની શરૂઆત 1900 ના દાયકાની શરૂઆતમાં થઈ હતી જ્યારે મહિલાઓએ કામના કલાકો ઘટાડવા, સારા પગાર અને મતદાનના અધિકાર માટે આંદોલનો કર્યા હતા.

પ્રથમ ઉજવણી: પ્રથમ રાષ્ટ્રીય મહિલા દિવસ 1909 માં અમેરિકામાં ઉજવાયો હતો, પરંતુ 1911 માં જર્મની, ઓસ્ટ્રિયા, ડેનમાર્ક અને સ્વિટ્ઝર્લેન્ડમાં પ્રથમવાર આંતરરાષ્ટ્રીય સ્તરે તેની ઉજવણી કરવામાં આવી.

2. ઉજવણીનો મુખ્ય હેતુ

મહિલાઓના અધિકારો વિશે સંયુક્ત રાષ્ટ્ર (UN): સંયુક્ત રાષ્ટ્ર દ્વારા 1975 માં સત્તાવાર રીતે આ દિવસને માન્યતા આપવામાં
આવી હતી.જાગૃતિ ફેલાવવી.

જીવનના દરેક ક્ષેત્રમાં મહિલાઓના યોગદાનને બિરદાવવું.

જાતિગત ભેદભાવ દૂર કરી સમાન તકો પૂરી પાડવી.

મહિલાઓ સામે થતા અત્યાચાર અને હિંસા અટકાવવા અવાજ ઉઠાવવો.

3. દર વર્ષની એક નવી 'થીમ'

સંયુક્ત રાષ્ટ્ર દ્વારા દર વર્ષે એક ચોક્કસ થીમ (વિષય) નક્કી કરવામાં આવે છે, જેના પર આખા વર્ષ દરમિયાન ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે છે.

યુનાઈટેડ નેશન્સ દ્વારા વર્ષ 2026 માટેની સત્તાવાર થીમ છે:

"Rights, Justice, Action For ALL Women and Girls"

(બધી મહિલાઓ અને છોકરીઓ માટે અધિકારો, ન્યાય, કાર્યવાહી)

આ થીમ મહિલાઓના કાનૂની અધિકારો અને ન્યાય મેળવવાની પ્રક્રિયામાં રહેલી અસમાનતાઓને દૂર કરવા પર ભાર મૂકે છે.

નિષ્કર્ષ: 8 માર્ચ એ માત્ર ઉજવણીનો જ નહીં, પરંતુ સ્ત્રી-પુરુષ સમાનતાના સંકલ્પનો પણ દિવસ છે.

ગોહિલ જલ્પાબેન હરજીભાઈ
શ્રી ટીટોડીયા પ્રાથમિક શાળા
તા.-મહુવા
જી.- ભાવનગર



# ગ્રાફોથેરાપી શું છે.?

મારા વ્હાલા વિદ્યાર્થીઓ અને શિક્ષકમિત્રો આત્મનમસ્કાર.

તમે સૌ જાણો છો ને ? લખાણ અને સહીનો આપણે રોજિંદા જીવનમાં લગભગ ઉપયોગ કરતા જ હોઈએ છીએ કેમકે, સહી એ આપણી જાહેર ઓળખ છે તે તો તમે સૌ જાણો છો ને? આપણે ભલે હાજર નથી પરતું કાગળમાં આપણી સહી છે એટલે કાગળમાં લખેલી વિગતો સાથે આપણે સહમત છીએ તેવું કહેવાય સાચું ને ?

તમે ક્યારેય વિચાર્યું છે કે ? આપણું લખાણ અને સહી આપણા મનનો અરીસો છે. જેવી રીતે આપણે પોતાની જાતને જોઈએ છીએ તેવી જ રીતે આપણે આપણા લખાણ અને સહી દ્વારા આપણા વ્યક્તિત્વ, વર્તન,વિચારો, વલણ અને લાક્ષણિકતાને સરળતાથી જોઈ શકાય છે. અને સૌથી મહત્વપૂર્ણ બાબત તો એ છે કે આપણે સહી અને લખાણમાં નાનામોટા ફેરફાર કરી અને અને આપના વર્તન, વિચાર, વલણ, અને વ્યક્તિત્વની ત્રુટિને ઓળખી તેમ અસરકારક બદલાવ પણ કરી શકીએ છીએ. આત્મવિશ્વાસ તેમજ એકાગ્રતાનું લેવલ ઊંચું લાવી શકાય. કામ કરવાની ઊર્જા અને ઉત્સાહ ને વધારી શકાય, તેમજ ઘણા બધા ગુણોની આદતોને વધારી કે ઘટાડી શકાય છે. આપના અક્ષર અને સહી એ આપણી જાતમાં બદલાવ લાવવા માટેનું સસ્તું અને અસરકારક સાધન છે.અને દરેકજણ તેનો ફાયદો ઉઠાવીને પોતાના વ્યક્તિત્વમાં પરિવર્તન લાવી શકે છે. અને આ ગ્રાફોથેરાપી છે.

ગ્રાફોલોજી એ અક્ષરોનું વિજ્ઞાન અને ગ્રાફોથેરાપી એટલે સહી અને લખાણમાં યોગ્ય ફેરફાર કરીને આપણે જોઈતું પરિણામ મેળવી શકીએ છીએ. લખાણ અને સહીનું વિશ્લેષણ એ ફોરેન્સિક વિજ્ઞાનનું એક માન્યક્ષેત્ર છે.

આપણે આ થેરાપી ક્યારથી અને કેવી રીતે કરાવી જોઈએ? સરેરાશ ૧૩ થી ૧૪ વર્ષથી ઉપરના કોઈપણ વ્યક્તિને ગ્રાફોથેરેપી દ્વારા ઉચિત પરિણામ મેળવી શકાય છે. કેમકે, પેન ચલાવવાથી નહીં પરંતુ પેન ચલાવવાની રીતથી જીવનમાં બદલાવ કરી શકાય છે. હું "લખું ને બદલાઉં" આ સૂત્ર સમજીને આપણે ગ્રાફોલોજી દ્વારા પોતાને બદલવાનો એકદમ સરળ રસ્તો છે અને રામબાણ ઉપાય છે જે કોઈ પણ વિદ્યાર્થી, કિશોર. યુવાન, ગૃહિણી, નોકરિયાત કે ધંધાદારી ઉપયોગ કરી શકે છે અને તેના સકારાત્મક પરિણામ મેળવી શકે છે.





નૈત્રીબેન ઠક્કર
ઈકબાલગઢ પે. સે. શાળા
તા. અમીરગઢ
ગ્રાફોથેરાપીસ્ટ અને વૉચથેરાપીસ્ટ



## " સ્ત્રીનું સન્માન કરો પણ સ્ત્રીને અતિશય આધીન ન રહો. "

અનાસક્તિ અને જીવની સેવા એ ગૃહસ્થનો ધર્મ છે.ગૃહસ્થાશ્રમી બહુ કડક ન થાય અને બહુ સરળ ન થાય.સ્ત્રીનું સન્માન કરો પણ સ્ત્રીને અતિશય આધીન ન રહો.અનાસકત રહો.બહુ મમતા માર ખવડાવે છે.

આધ જગતગુરૂ શંકરાચાર્યજી શતશ્લોકી:શ્લોક-પમાં કહે છે કે દેહ,સ્રી, પૂત્ર,મિત્ર,સેવક,ઘોડા,બળદ વગેરેને ખુશ રાખવામાં એટલે કે માંસમિમાંસા પાછળ જ દરેક મનુષ્ય પોતાનું આયુષ્ય ગુમાવે છે.જયારે વ્યવહાર કુશળ ચતુરજન જેનાથી પોતાને સૌભાગ્યવંત માને છે,તેના માટે જીવે છે પરંતુ પ્રાણના અધીશ સમા,અંતર્ગત અમૃતરૂપ આત્મતત્વની મિમાંસા કોઇ કરતું નથી.ભગવાનને ઓળખવા એ બ્રહ્મવિધા છે. આત્માનું ઉન્નતિકરણ કરીને ઉપર લઇ જવો એ આત્મ જ્ઞાન છે.

જગતમાં સ્ત્રી  અને પુરૂષ ભગવાન નિર્મિત છે તેથી સ્ત્રીને ત્યાજ્ય સમજીને તેની નિંદા કરવાની નથી.જેના પેટથી આપણો જન્મ થયો,જેનું સ્તનપાન કરીને આપણે મોટા થયા તેની સાથે પશુવત્ વર્તન કરવાનો શાસ્ત્રમાં નિષેધ કર્યો છે.સ્ત્રી તરફ પશુવત્ વર્તન એટલે સ્ત્રી  તરફ ઇન્દ્રિય સુખની દ્રષ્ટિથી જ જોવું.પશુને માનસિક,બૌધિક કે આત્મિક સુખની દ્રષ્ટિ હોતી જ નથી,તેને ફક્ત શારીરિક સુખની જ ખબર હોય છે.માણસ પણ તે જ દ્રષ્ટિથી જુવે તો તે પશુવત્  દ્રષ્ટિ છે.સ્ત્રી પુરૂષ ઉપભોગ કરે તો તેમાં કોઇ ખરાબી નથી પરંતુ સ્ત્રીમાં પાવિત્ર્ય નિર્માણ કરો અને તેના માટે ભક્તિની જરૂર છે.ભગવાને તમામનાં શરીર બનાવ્યાં  છે,ભગવાન જ તમામનાં શરીરને ચલાવે છે.આ શરીરની અંદર ભગવાન જ બેઠા છે તેથી આ શરીર પવિત્ર છે.

મોઢે ચઢાવેલી સ્ત્રી પ્રથમ પોતાના પતિને જ નિસ્તેજ કરે છે પછી પોતાના આધિન કરે છે અને ત્યારબાદ કઠપૂતળીની જેમ જેની સાથે લડાઇ ઝઘડો કરાવવો હોય તેની સાથે ઝઘડો કરાવે છે.

*આ વિશે એક બોધકથા* છે કે એક રાજા હતો.તે પશુ-પક્ષીની ભાષા જાણતા હતા.એક દિવસ રાજા-રાણી જમવા બેઠા હતા તે વખતે એક કીડીએ રાણીની થાળીમાંથી થોડું અન્ન રાજાની થાળીમાં લાવી મૂકી દીધું. બીજી કીડીએ કહ્યું કે તું અધર્મ કરે છે.સ્ત્રીનું ઉચ્છિષ્ઠ રાજાને ખવડાવે છે ? તને વિવેક નથી.બંને કીડીની વાતો સાંભળી રાજા હસ્યો.રાણીએ રાજાને હસવાનું કારણ પૂછ્યું ત્યારે રાજા કહે છે કે એ વાત રહેવા દે અનર્થ થશે.રાજાને એક મહાત્માએ પશુ પક્ષીની બોલીનું જ્ઞાન આપેલું અને કહેલું કે આ વાત કોઈને કહીશ તો તારૂં મરણ થશે.રાજા આ વાત રાણીને સમજાવે છે પણ રાણીએ હઠ પકડી છે.ભલે તમારૂં મરણ થાય પણ મને તમે કેમ હસ્યા તે કહો.રાજા સ્ત્રીને અતિ આધીન હતો,તે સ્ત્રી માટે મરવા તૈયાર થયો.

રાજા કહે છે કે આપણે કાશી જઈએ અને ત્યાં હું તને એ વાત કહીશ.રાજાને એમ કે કાશીમાં મરણ થશે તો મુક્તિ મળશે.રાજા-રાણી કાશી જવા નીકળ્યા છે.રસ્તામાં મુકામ કર્યો.ત્યાં બકરો અને બકરી વાતો કરતાં હતા તે રાજાએ સાંભળી.બકરી-બકરાને કહે છે કે તમે કુવામાં જાઓ અને મારા માટે લીલું કુણું ઘાસ લઇ આવો નહિતર હું ડૂબી મરીશ.બકરો સમજાવે છે કે ઘાસ લેવા જઈશ અને જો પગ લપસી જશે તો હું મરી જઈશ.બકરી કહે છે કે તમારૂં જે થવાનું હોય તે થાય,ભલે મરણ થાય પણ મને ઘાસ લાવી આપો. બકરો કહે છે કે હું રાજા જેવો મૂર્ખ નથી કે પત્ની પાછળ મરવા તૈયાર થાઉં.રાજા આ સાંભળી વિચારે છે કે ખરેખર હું કેવો મૂર્ખ? પ્રભુભજન માટે મળેલું આ શરીર હું સ્ત્રી પાછળ ત્યાગવા તૈયાર થયો.ધિક્કાર છે મને. મારા કરતા બકરો ચતુર છે.

રાજાએ રાણીને કહી દીધું કે હું કાંઇ વાત કહેવાનો નથી.તારે જે કરવું હોય તે કર.રાણીએ જોયું કે હવે કોઈ દાળ ગળવાની નથી એટલે તેને હઠ છોડી દીધી.

ગૃહસ્થાશ્રમમાં દાન કરવાની આજ્ઞા કરી છે.ગૃહસ્થે બાર મહિનામાં એક માસ એકાંતમાં નારાયણની સાધના કરવી જોઇએ.ગંગાકિનારે કે ઘરમાં લૌકિક વાતો છોડી નારાયણનું ધ્યાન કરવું જોઈએ.ભક્તિ કરવામાં સ્થાન શુદ્ધિની બહુ જરૂર છે.

આલેખનઃ
વિનોદભાઇ માછી નિરંકારી
નવીવાડી તા.શહેરા જી.પંચમહાલ



## બનાસની કોયલ..



**દિયોદર પે. કેન્દ્ર શાળા નં.૨**
**પ્રોજેક્ટ : (બનાસકાંઠાની કોયલ)**
**સંકલન : ધોરણ ૬ તથી ૮ ના બાળકો**
**માર્ગદર્શક : શ્રી કલ્પેશભાઈ મોદી**

નવી શિક્ષણનીતિ અને NCF SE 2023માં પ્રાથમિક શિક્ષણ માટે માતૃભાષા પર વધુ ભાર આપવામાં આવ્યો છે. બાળકને માતૃભાષાનો સાચો સ્વાદ તો પોતાના વિસ્તારના લોકબોલીના સંવાદ અને લોકગીતોમાંથી જ મળે એવું મનમાં થઈ આવેલું.. પણ શિષ્ટ ભાષાનો આગ્રહ અને અંગ્રેજીની બોલબાલા વચ્ચે આવા સ્થાનિક લોકગીતો ક્યાં શોધવા જવું. ત્યાં અચાનક એક દીકરીને પોતાની લોકબોલીમાં કઇંક ગણગણતાં સાંભળી. એ મનમાં જબકારો થયો, જો આ બાળકો પાસે જ આવા લોકગીતોનું સંકલન કરવાનું કામ કરીએ તો તેમના ઘરેથી પોતાની જાતિ, ગામ અને રિવાજ મુજબના ઘણા લોકગીતો મળી રહે. અને બસ રસ્તો મળી ગયો.

બીજા દિવસે બાળકો આગળ વાત મૂકી અને દરેક બાળકે ઉત્સાહ સાથે આ કામ ઉપાડી લીધું. ધોરણ 6 થી 8 બાળકોની ટીમદરેક બાળકે ઘરે જઈને પોતાના પરિવારના વડીલ વ્યક્તિ, દાદા-દાદી કે મમ્મી-પપ્પા પાસેથી હ્રદયના ઊંડાણમાં ઘર કરી ગયેલા લોકગીતો ઉભરાઈને બહાર આવ્યા. અને બાળકો દ્વારા આ ગીતોને શબ્દદેહ આપવામાં આવ્યો. અને પછી તો રચાઇ લોકગીતોની હારમાળા. હાલરડાં, લગ્નગીત, વિદાયગીત, પ્રેમગીત, ભક્તિગીત, સામાજિક ગીત, ઋતુગીત, મરણના રાસડા વગેરેનું સુંદર સંકલન થયું. પછી ધોરણ ૬ થી ૮ બાળકોનું અલગ જૂથમાં વિભાજન કરવામાં આવ્યૂ. લોકગીતનું જૂથ, લગ્નગીતનું જૂથ, ભક્તિગીત એમ ગીતના પ્રકાર મુજબ પૃથકરણ કરી પછી સંકલન કરવામાં આવ્યું. અને આ મથામણને અંતે નિર્માણ પામ્યો એક સુંદર ‘સ્થાનિક લોકગીતોનો એક સુંદર સંગ્રહ’.

હવે બીજો પ્રશ્ન થયો કે, કામ તો સુંદર થઈ ગયું. પણ આ પ્રોજેક્ટને નામ શું આપવું॰ પછી નક્કી કર્યું કે, બનાસની આ ભૂમિ પર લીમડા ખૂબ થાય રહે, અને એની ઘેરી ઘાતાઓમાં કોયલ પોતાનો વસવાટ કરે રહે. જ્યારે બનાસકાંઠાની કોઈ ગ્રામીણ બાઈ આ લોકગીત ગાતી હશે ત્યારે લોંદાની ઘટામાં બેઠેલી કોયલ પણ પોતાના મીઠા ટહુકથી પોતાનો સૂર પુરવતી હશે. તો પછી આ કોયલની બાદબાકી કેમ કરી શકાય ! એટ્લે અંતે બનાસના લોકગીતોનો માર્મિક મર્મ, બનાસની બહેનનોનો મીઠો કંઠ અને કોયલનો મીઠો ટહુકો જાણે કે તાલ પુરાવે ! એટેલે પછી અંતરમાંથી નાદ નીકળ્યો આતો કહેવાય ‘બનાસકાંઠાની કોયલ.’

કલ્પેશભાઈ મોદી
દિયોદર પે. કેન્દ્ર શાળા નંબર : ૦૨
તા. : દિયોદર, જિ. : વાવ થરાદ



## નિર્દોષતાની બુરખી ( પ્રેરક પ્રસંગ )

અમારી શાળા છોટાપુરા ગવાડી પ્રાથમિક શાળા મુસ્લિમ વિસ્તારમાં આવેલી છે જ્યાં ૯૦% બાળકો મુસ્લિમ સમુદાયના છે . શાળાનો સમય પુરો થવામાં જ હતો .જેવા પાંચ વાગ્યા એવા બધા જ બધા શિક્ષકો છેલ્લે વર્ગ બંધ કરી મસ્ટર મા સહી કરી નીકળતા હતા પોતપોતાના આશિયાના તરફ.શાળામાં બે નવીન વર્ગ બનવાના હોઈ કામ ચાલતું હતું. આખો દિવસ સિમેન્ટ, રેતી, ધૂળ ઉડી બધા ની ગાડી,બાઈક બધું ખરાબ થયેલું. બધા પોતપોતાના પાસે રહેલ કપડાં થી ગાડી સાફ કરી નીકળતા હતા ત્યાં અચાનક એક દ્રશ્ય સામે આવ્યું અને આંખો સ્તબ્ધ થઇ ગઇ.શાળાના શિક્ષક મુકુંદભાઇ એટલે બાળકો પ્રત્યે તેમનો વિશેષ લગાવ. બાળક શાળા છૂટે નહીં ત્યાં સુધી તેમને છોડે નહીં.રીશેષ માં પણ બાળકો તેમની આજુબાજુ જ હોય. બાળકોને આગવી કોઠાસૂઝ થી પ્રવૃત રાખે અને જાણે પોતાના બાળકો હોય એ રીતે રાખે

શાળા છૂટી ગઈ. અને મુકુંદભાઇ પોતાનું બાઈક સાફ કરવા જતા હતા ત્યાં તો જોયું તો બાઈક સાફ કરવાનું કપડું ના મળ્યું. અચાનક મોઢા માંથી સંવાદ નીકળ્યો કપડું તો નથી! હવે બાઈક શેનાથી સાફ કરવું એ વિચારવા લાગ્યા અને અચાનક એમની પાછળ ઉભેલી એક વિદ્યાર્થીની આવી નામ તો યાદ નથી પણ એને પોતાની ઓઢણી ( બુરખી ) કાઢી ને સાફ કરવા લાગી મુકુંદભાઈ અને એની બહેને તેને અટકાવી પણ ના માની તે ના જ માની એની બહેન એ યાદ કરાવ્યું કે અરે તારે સીધું મદરેસા જવાનું છે. આ રીતે જઈશ મેલી ઓઢણી લઈને પણ એને તો એક જ જવાબ આપ્યો. ભલે મેલી થતી આ રીતે જ જઈશ.

હુ આ દ્રશ્ય દૂર ઉભા રહી મુકપ્રેક્ષક બની જોતો રહ્યો દીકરી ની આંખમાં જે શિક્ષક નું કામ કરવાનો જે આનંદ અને ખુશી દેખાતી હતી એ ચમક એ આંખમાં છલકાતો પ્રેમ હુ હજી સુધી ભૂલી શકતો નથી.. જાણે ગંગા મા ડૂબકી મારી જે મન ને શાંતિ મળે એટલી શાંતિ એ આંખોમાં શિક્ષક પ્રત્યે ના પ્રેમ ને જોઈ મળી. આંખો બંધ કરું છું ને એ નિર્દોષ હાસ્ય અને નિર્દોષ આંખો એ ચહેરાનું લાવણ્ય યાદ આવી જાય છે અને આજ મને લખવા મજબુર કરે છે.. મનોમન આવા ગુરુજીઓ ને દિલ થી વંદન કરવાનું મન થઇ જાય. ખરેખર શિક્ષક નું સ્તર માં અને ભગવાન કરતા પણ ઊંચું હોય છે. વાત આપણ ને સામાન્ય લાગે પણ એ બાળક નો શિક્ષક પ્રત્યે નો પ્રેમ, વાત્સલ્ય અને ભાવ અપ્રતિમ અને અગાધ છે. અને આજ સાચો શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ છે .મુકુંદભાઈ ના શિક્ષકત્વ ને દિલ થી વંદન અને દીકરીના ગુરુ પ્રત્યે ના ભાવ ને શત શત નમન..

દિપકકુમાર. એમ. વ્યાસ.
છોટાપુરા ગવાડી પ્રાથમિક શાળા
વતન : નાંદોત્રા
તા. વડગામ જી. બનાસકાંઠા



## પરીક્ષારૂપી ફાઇનલ મેચ

પરીક્ષારૂપી ફાઇનલ મેચ આવી રહી છે,ચેતતા રહેજો વાંચનરૂપી નેટ પ્રેક્ટિસમાં. દિલથી હવે લાગી જાજો કારણ કે,

પરીક્ષારૂપી ફાઇનલ મેચમાં પ્રશ્નરૂપી બોલિંગ થશે.
પેનરૂપી બેટ વડે માર્કસરૂપી રન ફટકારતા રહેજો.
જવાબવહી પીચ ઉપર લખાણરૂપી ઝડપ રાખજો,
રન આઉટ ન થવાય તે માટે, ક્રિજરૂપી બેંચીસ ને તોડજો.
ફોર અને સિક્સર માટે રોકડિયા પ્રશ્નોને ફટકારજો.
મર્યાદિત ઓવર ની જેમ સમયરૂપી મર્યાદા જોતા રહેજો.
પરીક્ષારૂપી રેફરીમાં સારા લખાણ દ્વારા ખુશ કરજો.
નિરીક્ષકરૂપી અમ્પાયરને સારી સ્થિતિ વડે ખુશ કરજો.
પૂરેપૂરા માર્ક્સ લાવી માર્કસરૂપી સદી ફટકારતા રહેજો.

**શૈલેષ પરમાર**



## અક્ષરથી આત્મા સુધી

અક્ષરોથી શરૂ થાય શિક્ષણ,
પણ અંતરમાં સંસ્કાર વસે ત્યારે જ પૂરું બને;
જ્ઞાન તો બુદ્ધિને તેજ આપે,
પણ મૂલ્ય હૃદયને દિશા આપે,
જીવનને ગૌરવ આપેછે।

સત્યનો માર્ગ શીખવે જે શિક્ષણ,
કરુણાથી હૃદય ભરી દે,
નમ્રતા, સહનશીલતા અને પ્રેમથી,
જીવનનું સૌંદર્ય ખીલી ઊઠે,
સંબંધ મજબૂત બને, સમાજમાં સૌહાર્દ ફેલાય।

ડિગ્રીથી નહીં, સંસ્કારથી ઊંચા બનીએ,
માનવતા આપણું સાચું આભૂષણ બને;
સદાચાર, પરોપકાર અને સત્યના પ્રકાશે,
મૂલ્યલક્ષી શિક્ષણ સમાજમાં સુખ અને શાંતિ ફેલાવે।

અક્ષરોથી આત્મા સુધીનો સફર,
શિક્ષણને માત્ર જ્ઞાન ન માનતા,
મૂલ્ય, કરુણા અને સત્ય સાથે જીવનનું સાર્થક કરે। 🌴

પ્રજાપતિ ક્રિપાલીબેન સુરેશભાઈ
રાજપુર હાઈવે પ્રાથમિક શાળા
તાલુકો , કડી
જિલ્લો, મહેસાણા



# પુલવામાનો આતંકી હુમલો

" આજનો દિવસ એટલે "મારા ભારત દેશના શહીદ સપૂત વીરોને યાદ કરવાનો દિવસ..." આજથી બરાબર ૭ વર્ષ પહેલા એટલે કે ૧૪ ફેબ્રુઆરી, ૨૦૧૯ના રોજ પુલવામામાં આતંકી હુમલાએ થયો હતો. પુલવામાના આ હુમલાએ ૪૦ CRPF સૈનિકોની શહીદીના સમાચારે સમગ્ર ભારત દેશને સ્તબ્ધ કરી નાખ્યો હતો

૧૪ ફેબ્રુઆરી, ૨૦૧૯ના રોજ જ્યારે CRPFના ૨,૫૦૦ જવાનો ૭૮ વાહનોના કાફલા સાથે નેશનલ હાઈવે ૪૪ દ્વારા જમ્મુથી શ્રીનગર જઈ રહ્યા હતા ત્યારે પુલવામા ખાતે આતંકવાદી હુમલો થયો હતો.જેમાં આતંકી બૉમ્બ વિસ્ફોટકોથી ભરેલી એક કાર CRPF જવાનોને લઈ જતા વાહન સાથે ટકરાવી દેવાઈ જેના કારણે ઘાતક વિસ્ફોટ થયો હતો. આ હુમલામાં CRPFના ૪૦ જવાનોના ઘટનાસ્થળે જ કરુણ મોત નિપજ્યા હતા. વિદેશી આતંકવાદી સંગઠનોએ આ હુમલો કર્યો હતો. આ હુમલાથી સમગ્ર ભારત જ નહીં પરંતુ સમગ્ર વિશ્વ મચી ગયું હતું.અને ઘેરો શોક ફેલાઈ ગયો હતો.

જો કે ભારત દેશના બહાદુર સૈનિકોએ ૧૨ દિવસમાં જ આતંકવાદીઓના આ કાયરતાપૂર્ણ કૃત્યનો જડબાતોડ જવાબ આપ્યો હતો. ભારતીય વાયુસેનાએ ૨૬ ફેબ્રુઆરી, ૨૦૧૯ના રોજ બાલાકોટમાં આતંકી સંગઠનના ટ્રેનિંગ કેમ્પ પર એર સ્ટ્રાઈક કરી હતી. આ હુમલામાં ૩૫૦થી વધુ આતંકવાદીઓ માર્યા ગયા હોવાનું કહેવાય છે. આટલું જ નહીં આતંકીઓના ટોપ કમાન્ડર પણ માર્યા ગયા હતા.

પુલાવામામાં આતંકી હુમલાની ઘટનાને કોઈ પણ ભારતીય નાગરિક ક્યારેય ન ભૂલી શકે. ભારત માતાના વીર સપૂતોએ બલિદાન આપ્યું હતું. શહીદ જવાનોને આજે શ્રદ્ધાંજલિ આપવા આવશે. આજે ભારત દેશ વીર શહીદોને યાદ કરીને તેમના બલિદાનને સલામ કરી રહ્યો છે.

એ પરિવારોને યાદ કરજો જેઓની જિંદગી કંપી ઉઠી હતી.અરે..યાદ કરો એ માતા,બહેન,દીકરી અને પત્ની જેઓની ખુશીઓ ઉઝડી ગઈ હતી. જેની આંખોમાં આંસુઓ છલકાયા હતા એ દાદા,પિતા અને પુત્રનું નામ ક્યારેય ભૂલતા નહીં.

ફેબ્રુઆરીની આ 14મી તારીખ માત્ર ગુલાબ આપવાનો દિવસ નથી, પણ પુલવામામાં શહીદ થયેલા ભારતના વીર જવાનોની શૌર્યગાથાને યાદ કરવાનો દિવસ છે.આજે એક પુષ્પ તે વીર જવાનોના નામે, જેમણે આપણી આવતીકાલ માટે પોતાની આજ કુરબાન કરી દીધી.

અને આજે આપણે પશ્ચિમી સંસ્કૃતિનું અનુકરણ કરીને વેલેન્ટાઈન ડે મનાવીએ છીએ. જે આપણને છાજે તેમ છે? શુ આપણી ભારતીય સનાતન સંસ્કૃતિ પ્રમાણે યોગ્ય હોઈ શકે ?. આજના દિવસને બ્લેક ડે તરીકે મનાવવાની સાથે સાથે એક વૃક્ષ પર્યાવરણને અર્પણ કરીને ભારત દેશને ગૌરવ અપાવે તેવી પ્રવૃત્તિઓ દ્વારા આ શહીદોને સાચી શ્રદ્ધાંજલિ આપીએ......

|| ભારત માતા કી જય સહ અસ્તુ ||

સંકલન
નરેશકુમાર ભીખાભાઈ નાયી
શિક્ષકશ્રી ,
તાલેગઢ પ્રા. શાળા ,
તા.ધાનેરા, જિ. : બનાસકાંઠા



## ક્રિયાત્મક સંશોધન

**સંશોધનનું શીર્ષક- ધોરણ ૩ ના વિદ્યાર્થીઓમાં M306.3 વજનકાંટાની મદદથી ગ્રામ અને કિલોગ્રામ એકમોના પ્રાયોગિક ઉપયોગ દ્વારા વજન માપવાની સમજ વિકસાવવા અંગેનું ક્રિયાત્મક સંશોધન**

- **સંશોધનનો હેતુ :**

આ સંશોધનનો હેતુ ધોરણ ૩ ના વિદ્યાર્થીઓમાં ગ્રામ અને કિલોગ્રામ એકમોની સમજ, વજનકાંટાનો યોગ્ય ઉપયોગ, અને વસ્તુઓનું વજન માપવાની કુશળતા વિકસાવવાનો હતો.

- **સમસ્યા :**

પ્રારંભિક અવલોકન મુજબ, ઘણા વિદ્યાર્થીઓ ગ્રામ અને કિલોગ્રામના એકમો યોગ્ય રીતે પસંદ ન કરી શકતા, વજનકાંટાનો યોગ્ય ઉપયોગ ન કરતા અને વજન માપવામાં ભૂલો કરતા હતાં. આ અભાવથી ગણિત વિષયના માપ અને તોલ અધ્યાયમાં પ્રાયોગિક કૌશલ્યનો અભાવ જોવા મળ્યો.

- **સંશોધન ક્ષેત્ર અને પ્રકાર**

સંશોધન ક્ષેત્ર: પ્રાથમિક શિક્ષણ, ગણિત વિષય – માપ અને તોલ

સંશોધન પ્રકાર: ક્રિયાત્મક સંશોધન (Action Research), વર્ગખંડમાં ઉદ્ભવતી શૈક્ષણિક સમસ્યાઓનું તાત્કાલિક નિવારણ લાવવા માટે

- **નમૂના**

ધોરણ ૩ ના તમામ વિદ્યાર્થીઓને નમૂના તરીકે પસંદ કરવામાં આવ્યા.

નમૂના પદ્ધતિ: ઉદ્દેશ્યાત્મક (Purposeful Sampling)

- **અભ્યાસની કાર્યયોજના (સારાંશ)**

પ્રારંભિક કસોટી (Pre-Test): વિદ્યાર્થીઓના પૂર્વજ્ઞાન અને ભૂલોની ઓળખ

વજનકાંટાનો પરિચય: M306.3 વજનકાંટાના ભાગો અને ઉપયોગ સમજાવવો

પ્રાયોગિક પ્રવૃત્તિ: પુસ્તકો, ફળ, બોટલ, પથ્થર વગેરેનું વજન માપવું

જૂથ કાર્ય: સહકાર અને સામૂહિક પ્રવૃત્તિ ચર્ચા અને માર્ગદર્શન: ભૂલો સુધારવી અને યોગ્ય એકમ પસંદ કરવું

અંતિમ કસોટી (Post-Test): શીખેલા જ્ઞાનની ચકાસણી

- **માહિતી એકત્રીકરણ અને પૃથક્કરણ**

સ્રોતો: પ્રારંભિક કસોટી, પ્રાયોગિક અવલોકન, ચર્ચા અને અંતિમ કસોટી

અવલોકન: વિદ્યાર્થીઓના રસ, ભૂલો, સુધારો, સહકાર

- **તુલનાત્મક પરિણામ (Pre-Test vs Post-Test):**

| મુદ્દા | Pre-Test | Post-Test | અર્થઘટન |
|---|---|---|---|
| ગ્રામ-કિલોગ્રામ ઓળખ | વધુ ગૂંચવણ | સ્પષ્ટ ઓળખ | પ્રાયોગિક અભ્યાસ અસરકારક |
| યોગ્ય એકમ પસંદગી | ઘણી ભૂલો | ઓછા ભૂલો | અનુભવ આધારિત શીખણ અસરકારક |
| વજનકાંટાનો ઉપયોગ | મુશ્કેલ | આત્મવિશ્વાસપૂર્વક ઉપયોગ | કુશળતા વિકસી |
| રસ અને ભાગીદારી | ઓછું | વધ્યું | સક્રિય શીખણ પ્રેરક |

- **તારણો**

M306.3 વજનકાંટાની મદદથી વિદ્યાર્થીઓને પ્રાયોગિક કૌશલ્ય અને એકમોની સમજ મળી.

જૂથ કાર્ય અને પ્રાયોગિક પ્રવૃત્તિથી રસ, આત્મવિશ્વાસ અને સક્રિય ભાગીદારી વધ્યો.

વજન માપવામાં ભૂલો ઘટી અને માપન ચોક્કસ બન્યું.

શીખણ દૈનિક જીવન સાથે જોડાયેલું અને અર્થપૂર્ણ બન્યું.

- **અનુકાર્ય (Follow-up)**

નિયમિત વર્ગ પ્રવૃત્તિઓમાં વજન માપવાના અભ્યાસને શામેલ કરવો

વિદ્યાર્થીઓને ઘરમાં દૈનિક વસ્તુઓનું વજન માપવાનું પ્રોત્સાહન આપવું

અન્ય માપન એકમો (લંબાઈ, ક્ષેત્રીય માપ, લિટર) સાથે પણ પ્રાયોગિક અભ્યાસ કરવો

- **ઉપસંહાર**

આ સંશોધનથી સ્પષ્ટ થયું કે પ્રાયોગિક પ્રવૃત્તિ અને M306.3 વજનકાંટા ઉપયોગ દ્વારા વિદ્યાર્થીઓની ગણિતીય સમજ અને કુશળતા વધારે મજબૂત બની છે. શૈક્ષણિક પ્રવૃત્તિઓ દૈનિક જીવન સાથે જોડાય ત્યારે વિદ્યાર્થીઓની રસપ્રિયતા અને શીખણની અસરકારકતા વધારે સારી રહે છે.

પટોળિયા જયોત્સનાબેન નાથાભાઈ
પી. એમ. શ્રી. કુમાર શાળા – ૧
તા.ઉના જિ.ગીર સોમનાથ



# Meaningful School Trips Affordable for Every Child

1) ઈનોવેશન શીર્ષક : Meaningful school trips affordable for every child.

2 )સમસ્યા: ઘણા વિદ્યાર્થીઓની આર્થિક પરિસ્થિતિ નબળી હોવાને કારણે શાળાના પ્રવાસમાં જઈ શકતા નથી. જેના કારણે શાળામાં શૈક્ષણિક પ્રવાસ શક્ય બનતો ન હતો.

3) ઇનોવેશન પૂર્વેની સ્થિતિ (ડેટા અને તે સબંધી આધાર-પુરાવા): મારી શાળામાંથી છેલ્લા ૩ વર્ષ પૂર્વે પ્રવાસ થતાં ન હતાં. છેલ્લા ૩ વર્ષથી પ્રવાસ કરવામાં આવે છે.

4) ઇનોવેશન માટેની પ્રયુક્તિ, સાધનસામગ્રી, સમયગાળો અને લક્ષ્યજૂથ: ગામમાં મુલાકાત દ્વારા ગામના અગ્રણી

તેમજ સુખી સંપન્ન વ્યક્તિઓ અને શાળા પરિવાર દ્વારા યથા શક્તિ યોગદાન મેળવી છેલ્લા ૩ વર્ષથી ધોરણ ૬ થી ૮ નાં બાળકોનો શાળા દ્વારા શૈક્ષણિક પ્રવાસનું આયોજન કર્યું.

5) નવતર પ્રયોગનું વિગતવાર વર્ણન : NEP 2020 અંતર્ગત બાળકને તાદર્શ અનુભવ અને મુલાકાત દ્વારા શિક્ષણ આપવાની નીતિને અનુસંધાને શાળાઓ દ્વારા કરવામાં આવતા પ્રવાસમાં આર્થિક પરિસ્થિતિ નબળી હોવાને કારણે શૈક્ષણિક પ્રવાસમાં બાળકો જોડાઈ શકતા નહોતા.ત્યાર બાદ શાળાના શિક્ષકો સાથે ચર્ચા કરી ગામના અગ્રણી તેમજ સુખી સંપન્ન વ્યક્તિઓની મુલાકાત કરી યથા યોગ્ય યોગદાન પ્રાપ્ત કરી બાળકોને ન્યૂનત્તમ શુલ્કમાં છેલ્લા ત્રણ વર્ષથી શૈક્ષણિક પ્રવાસ કરાવવામાં આવી રહ્યો છે. પાટણ જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર દ્વારા યોજાતા પ્રવાસનો લાભ લેવો - વન વિભાગ દ્વારા યોજાતી પ્રકૃતિ શિબિર નો લાભ લેવો - ગુજકોસ્ટ દ્વારા યોજાતા સાયન્સ સિટીના પ્રવાસનું આયોજન ગવર્મેન્ટ બસ રેલવે દ્વારા યોજાતા પ્રવાસો

6) મૂલ્યાંકનની વિગતો (મૂલ્યાંકન ઉપકરણ, પ્રયુક્તિ વગેરેની વિગત) : છેલ્લા ત્રણ વર્ષના પ્રવાસ મંજૂરી પત્રકો તેમજ

પ્રવાસ ની રૂપરેખા.

7) પરિણામો (ડેટા સબંધિત-આધાર પુરાવા સાથે) : શૈક્ષણિક પ્રવાસ પર્યટન દ્વારા બાળકોમાં સામાજિક વિચારસરણી તેમના જ્ઞાન કૌશલ્ય, તેમજ બાહ્ય વ્યક્તિઓ સામે વર્તન વ્યવહારમાં સારું પરિવર્તન જોવા મળ્યું.

8) આપના ઇનોવેશનનો અમલ અન્ય શાળા દ્વારા કરવામાં આવ્યો હોય તો તેની વિગત : અમારી શાળા સિવાય ગ્રુપશાળાની અન્ય શાળાઓએ લાભ લીધો. તાલુકાની અન્ય શાળાઓ એ પણ લાભ લીધો. જિલ્લા સુધી પહોંચાડીશું.

9) નવતર પ્રયોગની વર્તમાન સ્થિતિ: સતત કાર્યરત.

કયુઆર કોડ:

**સ્ટોલ નંબર : 16**

રામી સંદિપકુમાર ભુપેન્દ્રભાઈ
લક્ષ્મીપુરા (વ) પ્રાથમિકશાળા,
તા. સરસ્વતી, જિ. પાટણ



## "વર્તમાન પ્રવાહ ના સંદર્ભમાં માનસિક સ્વાસ્થ્ય સાથે સંકળાયેલી મનોચિકિત્સા"

વર્તમાન સમયમાં આપણી જીવનશૈલી જેટલી ઝડપી બની છે તેટલી જ વધુ જટિલ માનસિક સ્વાસ્થ્યની સમસ્યાઓ વધી છે  મનોચિકિત્સા એ માત્ર ગંભીર બીમારીએ પૂરતી જ મર્યાદિત રહી નથી પરંતુ એ આધુનિક સમયનો અનિવાર્ય ભાગ બની ગઈ છે વર્તમાન પ્રવાહ ના સંદર્ભમાં માનસિક સ્વાસ્થ્ય અને મનોચિકિત્સા સાથે સંકળાયેલા મુખ્યત્વે પાસાઓ નું વર્ણન આ લેખમાં કરવામાં આવ્યું છે.

●ડિજિટલ યુગ અને માનસિક દબાણ

આજના સમયમાં સોશિયલ કનેક્ટિવિટીને કારણે માનસિક સ્વાસ્થ્ય ઉપર ગંભીર અસરો જોવા મળે છે જેમ કે FOMO fear of missing out બીજાના જીવનની જાકમઝાડ જોઈને પોતાની જાતને ઓછી સમજવી સ્કેનિંગ ટાઈમ સતત મોબાઇલમાં વપરાશથી

ઊંઘમાં ઘટાડો અને એકાગ્રતા ની કમી સાયબર બુલિંગ જેને કારણે ઓનલાઇન ટીકા અપમાનને કારણે ડિપ્રેશન અને એકસાયટીનું પ્રમાણ વધ્યું છે મનો ચિકિત્સા એ માત્ર ગોળીઓ લેવા પૂરતી મર્યાદિત રહી નથી વિજ્ઞાન એ ઘણી પ્રગતિ કરી છે ટેલીસાયકાટેસ્ટ ઘર બેઠા નિષ્ણાંત ડોક્ટરોની સલાહ લેવી હવે  સરળ બની ગઈ છે હોલિસ્ટિક એપ્રોચ દવાઓની સાથે યોગ ધ્યાન અને આહાર પર પણ ભાર મૂકવામાં આવે છે.

● સામાજિક જાગૃતિ અને બદલાતો દ્રષ્ટિકોણ

પહેલા માનસિક રોગ એટલે ગાંડપણ માનવામાં આવતું હતું પણ હવે સ્થિતિ બદલાઈ ચૂકી છે લોકો હવે માનસિક સ્વાસ્થ્ય પ્રત્યે ખુલીને વાત કરતા થયા છે તેમજ ઘણા સેન્ટરો, શાળા કોલેજો તેમજ કંપનીઓ પોતાના કર્મચારીઓ પ્રત્યે માનસિક સ્વાસ્થ્ય માટે કાઉન્સિલિંગ ની સુવિધા આપે છે.

આપણે યાદ રાખવું જોઈએ કે માનસિક સ્વાસ્થ્ય એ સુખાકારી છે લકઝરી નથી મગજ પણ શરીરનો એક ભાગ છે અને તેની બીમારીમાં ડોક્ટર પાસે જવું એ નબળાઈ નહીં પરંતુ સમજદારી છે.

●સંદર્ભ સાહિત્ય વાંચન

મનોચિકિત્સા સામાજિક કાર્ય એમ એસ ડબલ્યુ 305

મનોચિકિત્સા પાર્ટ વન

શિક્ષણ અને શૈક્ષણિક મનોવિજ્ઞાન.

DR.MANISHA H.LAKHANI
Councillor in Porbandar Family court



## રવિનાની રફ્તાર

એક શાંત અને સુંદર ગામમાં રવિના નામની એક દીકરી રહેતી હતી. રવિનાના માતા-પિતા ખેતમજૂરી કરીને ઘરનું ગુજરાન ચલાવતા હતા. રવિના ભણવામાં સાધારણ હતી, પણ જ્યારે તે મેદાનમાં ઉતરતી ત્યારે પવનની લહેરખીની જેમ દોડતી. તેને પુસ્તકોના પાના કરતાં મેદાનની માટી અને રમતો વધુ વહાલી હતી.

રવિનાની શાળામાં રમતગમત મહોત્સવનું આયોજન થયું. લાંબી કૂદની સ્પર્ધામાં રવિનાએ ભાગ લીધો. તેના પગમાં મોંઘા બૂટ નહોતા, પણ હૃદયમાં જીતવાનો અડગ વિશ્વાસ હતો. જ્યારે રવિનાએ દોડીને લાંબો કૂદકો માર્યો, ત્યારે આખી શાળા સ્તબ્ધ થઈ ગઈ. તેણે શાળામાં પ્રથમ નંબર મેળવ્યો. ઘરે જઈને તેણે તેના માતા-પિતાને આ વાત કરી ત્યારે પિતાની આંખોમાં હર્ષના આંસુ આવી ગયા અને બોલ્યા, "બેટા, તારી મહેનત જ તારું નસીબ બદલશે."

શાળાના શિક્ષકે રવિનામાં રહેલી પ્રતિભાને પારખી લીધી. તેમણે તેને દોડ (Running) માટે તૈયાર કરી. રવિના દરરોજ સવારે સૂર્યોદય પહેલાં ઉઠીને ગામના પાદરે દોડવાની પ્રેક્ટિસ કરતી. ઘણીવાર તેના પગ થાકી જતા, પણ તેનું સપનું તેને થોભવા ન દેતું. પછી તો રવિનાની રફ્તાર અટકી નહીં. તાલુકા કક્ષાએ પ્રથમ, જિલ્લા કક્ષાએ પ્રથમ અને જોતજોતામાં તે રાજ્ય કક્ષાની સ્પર્ધા સુધી પહોંચી ગઈ. જ્યારે તે રાજ્ય કક્ષાની દોડમાં દોડી રહી હતી, ત્યારે તેને પોતાના ગરીબ માતા-પિતાનો ચહેરો યાદ આવ્યો. તે એટલી તેજ દોડી કે સામેવાળા હરીફો જોતા જ રહી ગયા. રવિના ગુજરાતમાં પ્રથમ આવી અને તેને સરકાર દ્વારા **'બાળ પુરસ્કાર'** આપી સન્માનિત કરવામાં આવી.

રવિનાએ સાબિત કર્યું કે સફળતા માટે સુવિધાઓ કરતાં સાધના અને સંકલ્પની વધુ જરૂર હોય છે. એક ગરીબ મજૂરની દીકરી આજે આખા રાજ્યનું ગૌરવ બની ગઈ હતી. રવિનાની આ સફળતાએ ગામની અન્ય દીકરીઓ માટે પણ પ્રગતિના દ્વાર ખોલી દીધા.

આમ, દરેક બાળકની અંદર એક પ્રતિભા છુપાયેલી હોય છે. જો આપણે આપણી આવડતને ઓળખીને તેમાં સખત મહેનત કરીએ, તો સફળતાના શિખરો સર કરવાથી કોઈ રોકી શકતું નથી. જીવનમાં કોઈ પણ ક્ષેત્ર નાનું નથી હોતું, બસ તમારી મહેનત મોટી હોવી જોઈએ.

એક શાંત અને સુંદર ગામમાં રવિના નામની એક દીકરી રહેતી હતી. રવિનાના માતા-પિતા ખેતમજૂરી કરીને ઘરનું ગુજરાન ચલાવતા હતા. રવિના ભણવામાં સાધારણ હતી, પણ જ્યારે તે મેદાનમાં ઉતરતી ત્યારે પવનની લહેરખીની જેમ દોડતી. તેને પુસ્તકોના પાના કરતાં મેદાનની માટી અને રમતો વધુ વહાલી હતી.

રવિનાની શાળામાં રમતગમત મહોત્સવનું આયોજન થયું. લાંબી કૂદની સ્પર્ધામાં રવિનાએ ભાગ લીધો. તેના પગમાં મોંઘા બૂટ નહોતા, પણ હૃદયમાં જીતવાનો અડગ વિશ્વાસ હતો. જ્યારે રવિનાએ દોડીને લાંબો કૂદકો માર્યો, ત્યારે આખી શાળા સ્તબ્ધ થઈ ગઈ. તેણે શાળામાં પ્રથમ નંબર મેળવ્યો. ઘરે જઈને તેણે તેના માતા-પિતાને આ વાત કરી ત્યારે પિતાની આંખોમાં હર્ષના આંસુ આવી ગયા અને બોલ્યા, "બેટા, તારી મહેનત જ તારું નસીબ બદલશે."

શાળાના શિક્ષકે રવિનામાં રહેલી પ્રતિભાને પારખી લીધી. તેમણે તેને દોડ (Running) માટે તૈયાર કરી. રવિના દરરોજ સવારે સૂર્યોદય પહેલાં ઉઠીને ગામના પાદરે દોડવાની પ્રેક્ટિસ કરતી. ઘણીવાર તેના પગ થાકી જતા, પણ તેનું સપનું તેને થોભવા ન દેતું. પછી તો રવિનાની રફ્તાર અટકી નહીં. તાલુકા કક્ષાએ પ્રથમ, જિલ્લા કક્ષાએ પ્રથમ અને જોતજોતામાં તે રાજ્ય કક્ષાની સ્પર્ધા સુધી પહોંચી ગઈ. જ્યારે તે રાજ્ય કક્ષાની દોડમાં દોડી રહી હતી, ત્યારે તેને પોતાના ગરીબ માતા-પિતાનો ચહેરો યાદ આવ્યો. તે એટલી તેજ દોડી કે સામેવાળા હરીફો જોતા જ રહી ગયા. રવિના ગુજરાતમાં પ્રથમ આવી અને તેને સરકાર દ્વારા **'બાળ પુરસ્કાર'** આપી સન્માનિત કરવામાં આવી.

રવિનાએ સાબિત કર્યું કે સફળતા માટે સુવિધાઓ કરતાં સાધના અને સંકલ્પની વધુ જરૂર હોય છે. એક ગરીબ મજૂરની દીકરી આજે આખા રાજ્યનું ગૌરવ બની ગઈ હતી. રવિનાની આ સફળતાએ ગામની અન્ય દીકરીઓ માટે પણ પ્રગતિના દ્વાર ખોલી દીધા.

આમ, દરેક બાળકની અંદર એક પ્રતિભા છુપાયેલી હોય છે. જો આપણે આપણી આવડતને ઓળખીને તેમાં સખત મહેનત કરીએ, તો સફળતાના શિખરો સર કરવાથી કોઈ રોકી શકતું નથી. જીવનમાં કોઈ પણ ક્ષેત્ર નાનું નથી હોતું, બસ તમારી મહેનત મોટી હોવી જોઈએ.

સેજલબેન લાખાભાઈ પુરોહિત
ધોરણ : ૭અ
શ્રી રૂણી પ્રાથમિક શાળા,
તા.: ધાનેરા, જિ.: બનાસકાંઠા



# અડગ મનનો વિજય

એક સુંદર અને હરિયાળા ગામમાં ધવલ નામનો એક તેજસ્વી બાળક રહેતો હતો. જ્યારે અન્ય બાળકો રમતગમતમાં વ્યસ્ત રહેતા, ત્યારે ધવલની આંખોમાં એક અનોખી ચમક હતી. ધોરણ-૧ માં હતો ત્યારથી જ તેણે નક્કી કર્યું હતું કે તે મોટો થઈને ખાખી વર્દી પહેરશે અને IPS ઓફિસર બની દેશની સેવા કરશે.

ધવલ જ્યારે તેની જીદ અને સપનાની વાત કરતો, ત્યારે ગામના લોકો હસીને કહેતા, "અરે ધવલ, હજી તો તું સાવ નાનો છે, અત્યારથી આટલું બધું વિચારીને શું કરીશ ? નિરાંતે રમ અને મોજ કર." પણ ધવલના માતા-પિતા અલગ માટીના હતા. તેમણે ધવલને શીખવ્યું કે, "બેટા, મોટા મહેલ બાંધવા માટે પાયો નાનપણથી જ મજબૂત કરવો પડે. લોકોનું કામ કહેવાનું છે, તારું કામ મહેનત કરવાનું છે."

આ વાત ધવલના મનમાં ઘર કરી ગઈ. તેણે ધોરણ-૨ થી જ અભ્યાસના કલાકો વધારી દીધા. ધોરણ-૩ માં જ્યારે પ્રથમ વાર ક્રમ આપવાની પદ્ધતિ આવી, ત્યારે તેણે પોતાની જાત સાથે હરીફાઈ કરી. મિત્રો કહેતા કે "જો તારો નંબર નહીં આવે તો ?" ત્યારે ધવલનો એક જ જવાબ હતો - "પરિણામ કુદરતના હાથમાં છે, પણ મહેનત મારા હાથમાં છે." અને ખરેખર, તેની મહેનત રંગ લાવી અને તેણે પ્રથમ નંબર મેળવ્યો.

ધવલની આ વણથંભી સફળતા ધોરણ-૧૨ અને કોલેજ સુધી ચાલુ રહી. પરંતુ અસલી કસોટી ત્યારે આવી જ્યારે તેણે IPS ની પરીક્ષા આપી. પ્રથમ પ્રયાસમાં તે નિષ્ફળ ગયો. જે છોકરો હંમેશા પહેલા નંબરે આવતો હતો, તેના માટે આ આઘાત મોટો હતો.

તે થોડો નિરાશ થયો, પણ તેને તેના માતા-પિતાના શબ્દો યાદ આવ્યા - "હારી જવું એ નિષ્ફળતા નથી, પણ હાર માની લેવી એ સૌથી મોટી નિષ્ફળતા છે."

ધવલ ફરી બેઠો થયો. તેણે પોતાની ભૂલો સુધારી, દિવસના ૧૪-૧૪ કલાક વાંચ્યું. બીજા પ્રયાસમાં જ્યારે પરિણામ આવ્યું, ત્યારે આખું ગામ સ્તબ્ધ હતું. ધવલ માત્ર પાસ જ નહોતો થયો, પણ તેણે ઉત્કૃષ્ટ ગુણો સાથે IPS નું પદ મેળવ્યું હતું. ગામના જે લોકો તેને ટોણા મારતા હતા, તે જ લોકો આજે તેના સ્વાગત માટે ફૂલહાર લઈને ઉભા હતા.

ધવલે સાબિત કરી દીધું કે સપના જોવાની કોઈ ઉંમર હોતી નથી, પણ તેને પૂરા કરવા માટે લોખંડી પુરુષાર્થની જરૂર હોય છે. આજે ધવલ એક નિષ્ઠાવાન IPS ઓફિસર છે અને તેના ગામના દરેક બાળક માટે આદર્શ છે.

આમ, સફળતા કોઈ અકસ્માત નથી, તે સખત મહેનત, દ્રઢતા અને સૌથી અગત્યનું - તમે જે કરી રહ્યા છો તેના પ્રત્યેના પ્રેમનું પરિણામ છે. જો તમે તમારા સપના પાછળ દોડવાની હિંમત રાખો છો, તો કુદરત પણ તેને પૂરા કરવામાં તમારી મદદ કરે છે.

એકતાબેન વલ્લભભાઈ પુરોહિત
શ્રી રૂણી પ્રા. શાળા,
તા. : ધાનેરા, જિ. : બનાસકાંઠા

